ક્રમાંક/B.K.N.M.U./N.S.S./112/2026 તા. 03/08/2026

**વિષય** – વિકાસ સપ્તાહ – ૨૦૨૬ **"૨૫ વર્ષ વિકાસ ગાથા – કર્મયોગીની સેવાના ૨૫ વર્ષ"** અંતર્ગત તારીખવાર કાર્યક્રમોનું આયોજન કરવા બાબત.

**સંદર્ભ** – (૧) શિક્ષણ વિભાગના ઇ-સરકાર ફાઈલ ક્ર. ED/MSM/e-file/3/2026/4594/V-2 મુજબ.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૩૧-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસય/૨૦૨૬/૭૩૪૩-૭૯૦૨ મુજબ.

(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૦૧-૦૮-૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસય/૨૦૨૬/૮૫૭૧-૯૧૩૦ મુજબ.

## **પરિપત્ર :-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા **"૨૫ વર્ષ વિકાસ ગાથા – કર્મયોગીની સેવાના ૨૫ વર્ષ"**ની ઉજવણીના ભાગરૂપે તા. ૦૭-૧૦-૨૦૨૬ થી તા. ૦૬-૧૦-૨૦૨૭ દરમ્યાન વિવિધ વિકાસાત્મક અને જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજન અંતર્ગત યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સએ પોતાના કાર્યક્ષેત્રમાં સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવેલ પ્રવૃતિઓ હાથ ધરવા જણાવવામાં આવે છે.

કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ તથા ટુકા અહેવાલ સાથેની વિગતો નિયત સમયમર્યાદામાં નીચે દર્શાવેલ ગુગલ ફોર્મ લિંકમાં તેમજ અત્રે યુનીવર્સીટી, NSS વિભાગ ખાતે ઈ-મેઈલ – nss@bknmu.edu.in પર સમયસર મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ગુગલ ફોર્મ લિંક –**

https://docs.google.com/forms/d/e/1FAIpQLScYkYD3MtOxaD-iuUSHLDsCOt3zFcGJGt5b90G_TtZnHiqocQ/viewform?usp=header

પ્રો. કો- ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ
BKNMU – જુનાગઢ

**બિડાણ : -**

- સંદર્ભ દર્શિત પત્રની નકલ.

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી, ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**
**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

જા.ક્ર. :- રસય/૨૦૨૬/ ૮૫૭૨ - ૯૨૩૦ તા. ૦૨/૦૮/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તમામ,

આચાર્યશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ,

ગુજરાત રાજ્ય.

**વિષય: વિકાસ સપ્તાહ-૨૦૨૬ "૨૫ વર્ષ વિકાસ ગાથા- કર્મયોગીની સેવાના ૨૫ વર્ષ" અંતર્ગત તારીખવાર કાર્યક્રમોનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગ ઈ-સરકાર ફાઈલ ક્ર.ED/MSM/e-file/3/2026/4594/V-2**

**(૨) અત્રેની કચેરીનો તા.૩૧/૦૭/૨૦૨૬નો પત્ર ક્ર. રસય/૨૦૨૬/૭૩૪૩-૭૯૦૨**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા **"૨૫ વર્ષ વિકાસ ગાથા-કર્મયોગીની સેવાના ૨૫ વર્ષ"**ની ઉજવણીના ભાગરૂપે તા.૦૭/૧૦/૨૦૨૬ થી તા.૦૬/૧૦/૨૦૨૭ દરમિયાન વિવિધ વિકાસાત્મક અને જનજાગૃતિના ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજન અંતર્ગત આપની કક્ષાએથી મુખ્યત્વે નીચે દર્શાવેલ પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહે છે:-

- <u>સ્વચ્છતા અભિયાન (તા.૦૨/૦૮/૨૦૨૬ થી તા.૦૨/૧૦/૨૦૨૬)</u>: આ અંતર્ગત સંસ્થામાં સઘન સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવાનું રહેશે.

1) કોઈપણ એક દિવસ તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા એક જ શ્રમદાન કરી રેકોર્ડ સ્થાપિત કરવામાં આવે.
2) રોજબરોજ સ્વચ્છતા ઝુંબેશ યોજી તેની રીલ બનાવી સોશિયલ મિડીયા પર પ્રચાર-પ્રસાર કરવામાં આવે.
3) ઘન કચરાના નિકાલ માટે ઝુંબેશ કરવામાં આવે.
4) કોલેજનું રદ કરેલ રેકર્ડ હોય અને તેનો નિયમોનુસાર નિકાલ કરવા પાત્ર થતો હોય તો યોગ્ય કાર્યવાહી કરી તેનો નિકાલ કરવો.

કાર્યક્રમના અહેવાલ આ સાથે સામેલ લિંક https://docs.google.com/forms/d/e/1FAIpQLSfgJc8t3KOOJVyR1OLvoQ6LY-1kucZYowiwC2web-oTopriFw/viewform?usp=header માં ભરીને મોકલવાનો રહેશે.

નાયબ નિયામક(એન.એસ.એસ.)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ રવાના જાણ સારૂ:</u>
- ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫, નવા સચિવાલય, ગાંધીનગર

Scanned with OKEN Scanner

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર. :- રસય/૨૦૨૬/ ૭૩૪૩ - ૭૮૦૨ તા.૩૧/ ૦૭/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તમામ

આચાર્યશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ

ગુજરાત રાજ્ય.

**વિષય: "વિકાસ સપ્તાહ ઉજવણી" અંતર્ગત તા.1 થી 15 સપ્ટેમ્બર,૨૦૨૬ દરમિયાન સ્વચ્છતા ઝુંબેશના કાર્યક્રમો યોજવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, "વિકાસ સપ્તાહ ઉજવણી" અંતર્ગત **તા.૦૧/૦૯/૨૦૨૬થી તા.૧૫/૦૯/૨૦૨૬** દરમિયાન રાજ્યની તમામ સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તથા કોલેજોમાં **સ્વચ્છતા ઝુંબેશ**નું આયોજન કરવાનું રહેશે.

- આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ, એન.એસ.એસ. સ્વયંસેવકો, એન.સી.સી., યુવક મંડળો તથા શિક્ષકગણના સહયોગથી નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવા વિનંતી કરવામાં આવે છે:

1) કોલેજ/યુનિવર્સિટી કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન યોજવું.
2) વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો યોજવા.
3) પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવી.
4) સ્વચ્છતા અંગે શપથવિધિ, રેલી, જાગૃતિ કાર્યક્રમો, વ્યાખ્યાન, નિબંધ, વક્તૃત્વ, પોસ્ટર તથા રંગોળી સ્પર્ધાઓનું આયોજન કરવું.
5) જાહેર સ્થળો, આસપાસના ગામો/વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ કાર્યક્રમો યોજવા.

ઉપરોક્ત કાર્યક્રમોનું આયોજન સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ અસરકારક રીતે કરવામાં આવે તથા તેમાં વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવે તેવી ખાસ વિનંતી છે.

કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ તથા ટૂંકા અહેવાલ સાથેની વિગતો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને આ સાથે સામેલ રાખેલ ગૂગલ ફોર્મની લિંકમાં https://docs.google.com/forms/d/e/1FAIpQLScYkYD3MtOxaD-iuUSHLDsCOt3zFcGJGt5b90G_TtZnHiqocQ/viewform?usp=publish-editor અચૂક આપવાની રહેશે.

નાયબ નિયામક(એન.એસ.એસ.)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ રવાના જાણ સારૂ:</u>

- એન.એસ.એસ.રીઝનલ ઓફિસ, પાલડી, અમદાવાદ

Scanned with OKEN Scanner

# સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત કરેલ આયોજન

યુનિવર્સીટી/કોલેજનું નામ:

કરેલ આયોજન/પ્રવૃત્તિનો પ્રકાર:

ભાગ લેનારની સંખ્યા:

હાજર વિદ્યાર્થીઓની સંખ્યા:

સંયોજકશ્રી/નોડલ અધિકારીશ્રીનું નામ: સંપર્ક નં.

આચાર્યશ્રી/રજીસ્ટ્રારશ્રીનું નામ: સંપર્ક નં.

કાર્યક્રમ/આયોજનનું ટૂંકમાં વર્ણન:

ફોટોગ્રાફ-૧

ફોટોગ્રાફ-૨

ફોટોગ્રાફ-૩

ફોટોગ્રાફ-૪

Scanned with OKEN Scanner

**FileNo.- ED/MSM/e-file/3/2026/4594/V-2**
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
3. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,ગાંધીનગર.
4. કમિશનરશ્રી, પી.એમ.પોષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
5. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સમગ્ર શિક્ષાની કચેરી,વિદ્યા સમિક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.
6. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
7. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર નં ૧૦-બી, ગાંધીનગર.
8. નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ
9. નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી., સેકટર-૧૨, ગાંધીનગર.
10. નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ડૉ.જીવરાજમહેતા ભવન, ગાંધીનગર
11. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, નવરંગપુરા, અમદાવાદ
12. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, રાયખંડ ચાર રસ્તા, રાયખંડ, અમદાવાદ.
13. નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, સેકટર-૧૦, ગાંધીનગર
14. સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર
15. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર

વિષયઃ- "૨૫ વર્ષ વિકાસ ગાથા - કર્મયોગીની સેવાના ૨૫ વર્ષ" અંતર્ગત તારીખ વાર કાર્યક્રમનું આયોજન કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા "૨૫ વર્ષ વિકાસ ગાથા - કર્મયોગીની સેવાના ૨૫ વર્ષ"ની ઉજવણીના ભાગરૂપે તા. ૦૭-૧૦-૨૦૨૬ થી તા. ૦૬-૧૦-૨૦૨૭ દરમિયાન વિવિધ વિકાસાત્મક અને જનજાગૃતિના ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

**આ આયોજન હેઠળ મુખ્યત્વે નીચે દર્શાવેલ તબક્કાવાર પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહે છે:**

1. સ્વચ્છતા અભિયાન (તા. ૦૨-૦૮-૨૦૨૬ થી તા. ૦૨-૧૦-૨૦૨૬): કચેરીઓ તથા તાબાની સંસ્થાઓમાં સઘન સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવાનું રહેશે.
   - કોઈપણ એક દિવસ તમામ પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા એકજ શ્રમદાન કરી રેકર્ડ સ્થાપિત કરે.
   - રોજ બરોજ સ્વચ્છતા ઝુંબેશ યોજી પદાધિકારીઓ અને અધિકારીઓને સમાવી મોનિટરિંગ કરવું.તેમજ રીલ બનાવી સોશિયલ મિડીયા પર પ્રચાર પ્રસાર કરવો.
   - સ્વચ્છતા સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓને સાથે સાંકળવી.
   - ધન કચરાના નિકાલ માટે ઝુંબેશ કરવી.
2. વિકાસ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે તા. ૦૭-૧૦-૨૦૨૬ થી તા. ૧૫-૧૦-૨૦૨૬ દરમ્યાન જરૂરી કાર્યક્રમ તૈયાર કરી થીમ આધારિત એક દિવસીય વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવું.
3. તાઃ ૧૧-૧૦-૨૦૨૬ થી તા. ૦૬-૧૦-૨૦૨૭ દરમ્યાન દરેક વિભાગે સમગ્ર પખવાડિયા દરમ્યાન ૨૫ વર્ષના વિકાસ સંબંધિત જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જેના ભાગ રૂપે એક પખવાડિયા દરમ્યાન આપની કચેરી તથા આપના તાબા હેઠળની તમામ કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવનાર કાર્યક્રમોનું તારીખવાર સવિસ્તાર આયોજન તૈયાર કરી અત્રે દિન-૨માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં આ અંગે તૈયાર કરવામાં આવેલ તારીખવાર કાર્યક્રમો પ્રમાણે જરૂરી આયોજન કરવા તેમજ કરેલ આયોજનની વિગતવાર માહિતી અત્રેની સંકલન શાખાને ઇ-મેઇલ તથા હાર્ડ કોપીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

આ બાબતને અતિ-અગત્યની ગણી સમયમર્યાદામાં કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(સોહીલ તીરમીઝી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ

Scanned with OKEN Scanner